# ગુજરાત વિધાનસભા.

-----------

## પંદરમી વિધાનસભા

## આઠમું સત્ર

-----------

## દિવસના કામકાજની યાદી

શુક્રવાર, ૧૩ માર્ચ, ૨૦૨૬

બપોરે ૧૨:૦૦ વાગ્યે

-----------

1. **પ્રશ્નોત્તરી**

**તારાંકિત પ્રશ્નોત્તરી**

(1) માનનીય મુખ્યમંત્રીશ્રી સામાન્ય વહીવટ, વહીવટી સુધારણા અને તાલીમ, આયોજન, બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ, મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન, માર્ગ અને મકાન અને પાટનગર યોજના, નર્મદા, કલ્પસર, ખાણ અને ખનિજ, બંદરો, માહિતી અને પ્રસારણ, તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઇ મંત્રીશ્રીઓને ન ફાળવેલ વિષયો

(2) માનનીય જળસંપત્તિ, પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

(3) માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી (રાજ્યકક્ષા) (સ્વતંત્ર હવાલો)

2. **જાહેર અગત્યની બાબત પર માનનીય વન મંત્રીશ્રી અર્જુનભાઇ મોઢવાડીયાનું નિવેદન (નિયમ-૪૪)**

3. **વિધાનસભાના મેજ ઉપર મૂકવાના કાગળો**

(1) ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઇલ સિટી લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**.... માનનીય શહેરી વિકાસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(2) ઈન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કોર્પોરેશનની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

**..... માનનીય પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી ઋષિકેશ પટેલ**

(3) ગુજરાત ડેરી વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી રમેશભાઈ કટારા**

(4) ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ લિમિટેડના સન ૨૦૨૨-૨૩ થી ૨૦૨૪-૨૫ સુધીના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ સન ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪ના અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી કમલેશભાઇ પટેલ**

(i) સન ૨૦૨૨-૨૩નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ

(iii) સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ

(5) ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમના સન ૨૦૧૯-૨૦ થી ૨૦૨૧-૨૨ સુધીના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડૉ. મનીષા વકીલ**

(i) સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ

(iii) સન ૨૦૨૧-૨૨નો વાર્ષિક અહેવાલ

(6) ગુજરાત વિચરતી અને વિમુક્ત જાતિ વિકાસ નિગમનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

**...... માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડૉ. મનીષા વકીલ**

(7) ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમના સન ૨૦૧૯-૨૦ અને ૨૦૨૦-૨૧ના વાર્ષિક અહેવાલો, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની

કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલોને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતાં નિવેદન

...... **માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડૉ. મનીષા વકીલ**

(i) સન ૨૦૧૯-૨૦નો વાર્ષિક અહેવાલ

(ii) સન ૨૦૨૦-૨૧નો વાર્ષિક અહેવાલ

(8) ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડના સન ૨૦૨૦-૨૧ના વાર્ષિક હિસાબો અને તેના પરનો ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

...... **માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(9) ગુજરાત હાઉસીંગ બોર્ડ અને સ્લમ ક્લીયરન્સ સેલનું સન ૨૦૨૪-૨૫નું સુધારેલ અંદાજપત્રક તથા સન ૨૦૨૫-૨૬નું અંદાજપત્રક

...... **માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(10) ગુજરાત હાઉસીંગ બોર્ડના સન ૨૦૨૩-૨૪ના વાર્ષિક હિસાબો અને ઓડિટ અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

...... **માનનીય શહેરી ગૃહ નિર્માણ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈ**

(11) ગુજરાત રાજ્ય અન્ન આયોગનો સન ૨૦૨૪-૨૫નો વાર્ષિક અહેવાલ

...... **માનનીય નાગરિક પુરવઠા મંત્રીશ્રી રમણભાઇ સોલંકી**

(12) દિવ્યાંગ વ્યક્તિઓ માટેના કમિશનરશ્રીનો સન ૨૦૨૩-૨૪નો વાર્ષિક વહીવટી અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

...... **માનનીય રાજ્યકક્ષાના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી ડૉ. મનીષા વકીલ**

(13) સન ૨૦૨૧ના અંતર્દેશીય જલયાન અધિનિયમ અન્વયેના બંદરો અને વાહનવ્યવહાર વિભાગના જાહેરનામાં:

(i) તા.૨૫/૦૬/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૮/ પીટીડી/એમઆઈએસ/ઈ-ફાઇલ/ ૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ-૧

(ii) તા.૨૫/૦૬/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૯/ પીટીડી/એમઆઈએસ/ઈ-ફાઇલ/ ૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ-૧

(iii) તા.૨૩/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંક: જી/પીટી/૨૦૨૪/૨૧/ પીટીડી/એમઆઈએસ/ઈ-ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ-૧

(iv) તા.૨૪/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૪/૨૨/ પીટીડી/એમઆઈએસ/ઈ-ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ-૧

(v) તા.૨૪/૧૦/૨૦૨૪નું જાહેરનામા ક્રમાંકઃ જી/પીટી/૨૦૨૪/૨૩/ પીટીડી/એમઆઈએસ/ઈ-ફાઇલ/૨૨/૨૦૨૪/૦૮૯૯/ઘ-૧

તેમજ આ જાહેરનામાને સભાગૃહના મેજ પર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન

...... બંદરો પ્રભાગનો હવાલો ધરાવતાં માનનીય મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણી

(14) તા.૧૭-૦૨-૨૦૨૬ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ માનનીય સભ્યશ્રી શૈલેષભાઇ મનુભાઇ પરમારના "અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં બિનખેતી કરવા બાબત" વિષયના તારાંકિત પ્રશ્ન ક્રમાંક : ૧૫/૮/૩૩૬ (અગ્રતા-૯) ના અનુસંધાને વધારાની માહિતી.

..... માનનીય રાજ્યકક્ષાના મહેસૂલ મંત્રીશ્રી સંજયસિંહ મહિડા

## 4. અનુમતિ મળેલાં વિધેયકો વિધાનસભાના મેજ ઉપર મૂકવાં

(1) પંદરમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં વિધાનસભાએ પસાર કરેલાં અને જેને રાજયપાલશ્રીની અનુમતિ મળી છે તેવાં સન ૨૦૨૬નાં વિધેયક ક્રમાંક- ૧, ૩ અને ૭ વિધાનસભાના મેજ ઉપર મૂકવાં.

........ સચિવશ્રી, ગુજરાત વિધાનસભા

## 5. માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

(1)

| પ્રભારી મંત્રીશ્રી | માગણી નંબર | માગણીનો જેની સાથે સંબંધ હોય તે સેવા | | માગણીની રકમ રૂા. | અંદાજપત્ર પ્રકાશન નંબર અને પાના નંબર |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | ૪ | ૫ |
| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | | | | | અં.પ્ર.નં- ૭ |
| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોને લગતી બાબતોના મંત્રીશ્રી | ૨૨ | નાગરિક પુરવઠા | મહેસૂલ | ૧૯,૯૮,૯૯,૦૦,૦૦૦ | ૨૪ થી ૩૭ |
| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોને લગતી બાબતોના મંત્રીશ્રી | ૨૩ | અન્ન | મહેસૂલ | ૯૬,૭૬,૦૦,૦૦૦ | ૯ થી ૧૮, |
| | | | મૂડી | ૭૦,૩૯,૦૦,૦૦૦ | ૪૬ થી ૪૮ |

## 6. બિન-સરકારી કામકાજ

(1) **<u>બિન-સરકારી વિધેયકો</u>**

**<u>દાખલ કરવાનાં બિન-સરકારી વિધેયકો</u>**

(i) સન ૨૦૨૫નું ગુજરાત રાજમાતા (ગૌમાતાના દરજ્જા, રક્ષણ અને કલ્યાણ બાબત) વિધેયક

**<u>......માનનીય સભ્યશ્રી અમિત ચાવડા</u>**

(ii) સન ૨૦૨૬નું ગુજરાત રાજ્ય સ્થાનિક ઉમેદવારોને રોજગાર આપવા બાબત વિધેયક

**<u>...... માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા</u>**

(iii) સન ૨૦૨૬નું ગુજરાત ટ્રાફિક ઉપદ્રવ નિવારણ અને નિયંત્રણ બાબત વિધેયક

**<u>...... માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા</u>**

(iv) સન ૨૦૨૬નું ગુજરાત વરિષ્ઠ નાગરિક સંરક્ષણ દળ વિધેયક

**<u>......માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા</u>**

(v) સન ૨૦૨૪નું ગુજરાત લઘુમતી કલ્યાણ અને સંરક્ષણ વિધેયક

**<u>......માનનીય સભ્યશ્રી ઈમરાન ખેડાવાલા</u>**

(2) **<u>બિન-સરકારી સંકલ્પો</u>**

(i) **<u>માનનીય સભ્યશ્રી સરદારભાઇ ચૌધરીનો સંકલ્પ (૫૮ મિનિટ)</u>**

"સોમનાથ" શબ્દ સાંભળતા જ આપણા હૃદય અને મનમાં ગર્વની લાગણી જન્મે છે. તે ભારતના આત્માની શાશ્વત ઘોષણા છે. દ્વાદશ જયોતિર્લિંગ સ્ત્રોતમાં ભારતભરના ૧૨ જ્યોતિર્લિંગનો ઉલ્લેખ છે, જેમાં "સૌરાષ્ટ્રે સોમનાથં ચ" એટલે પ્રથમ જ્યોતિર્લિંગ તરીકે સોમનાથ આદિકાળથી માનવ સભ્યતાનું પ્રતીક છે. સોમનાથ મંદિર ભારતની આધ્યાત્મિક, ધાર્મિક અને સાંસ્કૃતિક ધરોહરનું પ્રતીક છે. અનેક આક્રમણો છતાં મંદિરનું વારંવાર પુનઃનિર્માણ ભારતીય સંસ્કૃતિની અતૂટ આસ્થાનું જીવંત પ્રતીક છે.

સોમનાથ મંદિર પર થયેલ પ્રથમ આક્રમણ ઈ.સ. ૧૦૨૬ને વર્ષ ૨૦૨૬માં ૧૦૦૦ વર્ષ પૂર્ણ થયેલ છે. ભારતને સ્વતંત્રતા પ્રાપ્ત થયા બાદ સોમનાથ મંદિરના પુનઃનિર્માણનો સંકલ્પ લોખંડી પુરૂષ શ્રી સરદાર વલ્લભભાઇ પટેલ દ્વારા કરવામાં આવેલ. તા.૧૧મી મે, ૧૯૫૧ના રોજ દેશના તત્કાલિન રાષ્ટ્રપતિ માનનીય ડૉ.રાજેન્દ્રપ્રસાદજીના કરકમલો દ્વારા મંદિરના દ્વાર ખોલવામાં આવ્યા. ચાલુ વર્ષે મંદિરના પુનઃનિર્માણ અને લોકાર્પણને ૭૫ વર્ષ પૂર્ણ થયેલ છે. આ ઐતિહાસિક અવસરને યાદગાર બનાવવા માટે "સોમનાથ સ્વાભિમાન પર્વ – અતૂટ આસ્થા" નામે રાષ્ટ્રીય સ્તરે વર્ષભર ઉજવણી કરવાનો નિર્ણય ભારત સરકાર દ્વારા લેવામાં આવ્યો છે.

તાજેતરમાં જાન્યુઆરી માસમાં સોમનાથ ખાતે "સોમનાથ સ્વાભિમાન પર્વ- અતુટ આસ્થાના ૧૦૦૦ વર્ષ"નું આયોજન કરવામાં આવ્યુ હતું. જેમાં મુખ્ય અતિથિ તરીકે ભારતના લોકલાડીલા

માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીજી ઉપસ્થિત રહ્યા હતા.

આ પર્વમાં ૭૨ કલાકના અખંડ ઓમકાર નાદ અને ભજન થકી સોમનાથનું વાતાવરણ અલૌકિક અનુભૂતિ સાથે દિવ્ય બન્યું હતું. આ દરમ્યાન લાખોની સંખ્યામાં ભક્તોએ સોમનાથ મહાદેવના દર્શન કર્યા હતા. વિવિધ કલાકારો સાથે ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ હતું.

સોમનાથ સ્વાભિમાન પર્વ કે જે ભારતની અતૂટ આસ્થા, સાંસ્કૃતિક સ્વાભિમાન અને ઐતિહાસિક ચેતનાનું રાષ્ટ્રીય અભિયાન બનેલ છે, તેને આપણે સૌ ગૌરવભેર વધાવીએ અને દેશભરમાં આધ્યાત્મિક એકતા, સાંસ્કૃતિક ગૌરવની ભાવના ફેલાવવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

(ii) <u>માનનીય સભ્યશ્રી બાબુભાઇ પટેલનો સંકલ્પ (૫૮ મિનિટ)</u>

વિકસિત ભારત–ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન(ગ્રામીણ) યોજના, જેને VB–G RAM G તરીકે ઓળખવામાં આવે છે.આ યોજના ૨૦૨૫માં પસાર થયેલા કાયદા હેઠળ અમલમાં આવી છે અને તે મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદા (MGNREGA)ના સ્થાને ગ્રામીણ વિસ્તારોમાં રોજગાર અને આજીવિકાને વધુ મજબૂત બનાવવા માટે અમલમાં લાવવામાં આવી છે. અમારી સરકારના 'વિકસિત ભારત @2047'ના વિઝનને અનુરૂપ આ યોજના ગ્રામીણ ભારતને સશક્ત અને સ્વાવલંબી બનાવવા માટે પ્રતિબદ્ધ છે.

VB–G RAM G યોજના હેઠળ ગ્રામીણ પરિવારોને વાર્ષિક ૧૨૫ દિવસની રોજગાર ગેરંટી આપવામાં આવી છે, જે MGNREGAના ૧૦૦ દિવસ કરતાં વધુ છે. આનાથી ગ્રામીણ કામદારોને વધુ આવક અને આર્થિક સુરક્ષા મળશે. આ યોજના હેઠળ જો કોઈ વ્યક્તિને રોજગારની માગ કર્યા પછી ૧૫ દિવસમાં કામ ન મળે તો રાજ્ય સરકાર દ્વારા તેવી વ્યક્તિને બેરોજગારી ભથ્થું આપવું ફરજિયાત છે, જે કામદારોના અધિકારોને સુરક્ષિત કરે છે.

આ યોજના હેઠળ કામના પ્રકારોને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યા છે: જળ સુરક્ષા, મુખ્ય ગ્રામીણ અવસંરચના, આજીવિકા સંબંધિત સંપત્તિઓ અને વાતાવરણીય સ્થિરતા. આનાથી ટકાઉ અને ઉપયોગી સંપત્તિઓનું નિર્માણ થશે. જેમ કે, જળાશયો, રસ્તાઓ, પુલો અને વન આધારિત પ્રોજેક્ટ્સ. વધુમાં, ખેતીની મોસમ જેમ કે વાવણી અને કાપણીના સમયમાં વિક્ષેપ ન પડે તે માટે ૬૦ દિવસના સામુદાયિક 'નો-વર્ક પિરિયડ'ની વ્યવસ્થા કરવામાં આવી છે, પરંતુ પૂર્વોત્તર અને હિમાલયી રાજ્યોમાં આને અપવાદ આપવામાં આવ્યો છે.

નાણાકીય જોગવાઈની વ્યવસ્થામાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. કામદારોને ચૂકવવાના વેતન માટે કેન્દ્ર અને રાજ્ય વચ્ચે ૬૦:૪૦નો ગુણોત્તર અપનાવવામાં આવ્યો છે, જ્યારે પૂર્વોત્તર અને હિમાલયી રાજ્યોમાં કેન્દ્ર ૯૦ ટકા ભાગની ચૂકવણી કરશે. આનાથી રાજ્યોને વધુ જવાબદારી મળશે અને ફંડનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થશે. ગ્રામ પંચાયતો અને ગ્રામ સભાને આયોજનમાં વધુ અધિકાર આપવામાં આવ્યા છે, જેથી સ્થાનિક જરૂરિયાતો અનુસાર કામનું આયોજન થાય.

આ યોજના MGNREGA કરતાં વધુ આધુનિક અને વિકાસલક્ષી છે. તેમાં ફક્ત રોજગાર જ નહીં, પરંતુ ટકાઉ વિકાસ, સમાવેશી વૃદ્ધિ અને અન્ય સરકારી યોજનાઓ સાથેના જોડાણ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. ખાસ કરીને આદિવાસી અને ગ્રામીણ વિસ્તારોમાં તેનાથી મોટો લાભ થશે. દા.ત. વન ઉત્પાદનોના વેચાણ અને ઇકો-ટુરિઝમ જેવા પ્રોજેક્ટ્સ દ્વારા આજીવિકાના સ્રોત વધશે.

આમ સમગ્ર રીતે જોતાં, VB–G RAM G યોજના ગ્રામીણ ભારતને સશક્ત બનાવીને દેશને વિકસિત બનાવવાના સ્વપ્નને સાકાર કરશે. આથી આ યોજનાના અમલીકરણ માટે જરૂરી હોય તેવા તમામ પગલાં ભરવા આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

વિધાનસભા ગૃહ,
ગાંધીનગર.
તારીખ:12 માર્ચ 2026

ચેતન પંડયા
સચિવ,
ગુજરાત વિધાનસભા.